## રાજ્યમાં સિંહ/દિપડાના મૃત્યુ

*** 15/4/194 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજયમાં કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ થયા,

(૧)

| વર્ષ | સિંહ | સિંહ બાળ | દિપડા | દિપડાના બચ્ચા |
| --- | --- | --- | --- | --- |
| ૨૦૨૨ | ૫૫ | ૬૨ | ૧૪૨ | ૪૪ |
| ૨૦૨૩ | ૫૮ | ૬૪ | ૧૫૨ | ૬૬ |

(૨) ઉક્ત મૃત્યુ પૈકી કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના કુદરતી મૃત્યુ થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

(૨)

| કુદરતી | | | | |
| --- | --- | --- | --- | --- |
| વર્ષ | સિંહ | સિંહ બાળ | દિપડા | દિપડાના બચ્ચા |
| ૨૦૨૨ | ૪૮ | ૫૬ | ૧૦૦ | ૨૭ |
| ૨૦૨૩ | ૪૪ | ૬૨ | ૯૩ | ૫૨ |
| અકુદરતી | | | | |
| વર્ષ | સિંહ | સિંહ બાળ | દિપડા | દિપડાના બચ્ચા |
| ૨૦૨૨ | ૭ | ૬ | ૪૨ | ૧૭ |
| ૨૦૨૩ | ૧૪ | ૨ | ૫૯ | ૧૪ |

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલાં લીધાં?

(૩) અકુદરતી રીતે ઉકત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકાર દ્વારા નીચે મુજબના પગલાં હાથ ધરવામાં આવે છે.

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બિમારી અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન વિભાગ દ્વારા સિંહોના અવર-જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રોની નિમણુંક કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણીઓના રેસ્ક્યુ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.
- જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.
- લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઇન બોર્ડ મુકવામાં આવેલા છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે નામ. કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વગેરે ફાળવવામાં આવેલ છે.

- સમયાંતરે પોલિસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.
- ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.
- અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કોરેન્ટાઇન ઝોન બનાવવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઇટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકજાગૃતિના કામો કરવામાં આવે છે.
- રાજુલા–પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુબાજુ ચેઇનલીંક કરવામાં આવેલ છે.
- ટ્રેકર્સની નિમણુંક કરવામાં આવેલ છે.
- સ્ટાફને તાલિમ આપવામાં આવે છે.

----------